પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૧૬ | ૬ જુલાઈ, ૨૦૧૯, શનિવાર; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બજેટથી મધ્યમવર્ગ નારાજ, અમીરો પર બોજ



નવીદિલ્હી,તા.૫ નાણાંપ્રધાન નિર્મલા સીતારામને આજે અનેક પ્રકારની આશા અને અપેક્ષા વચ્ચે મોદી સરકાર-૨નુ પ્રથમ બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં ન આવતા કેટલીક નિરાશા જોવા મળી હતી. જો કે દુરગામી ઉદ્ધેશ્યને હાંસલ કરવા માટે આ બજેટમાં જાહેરાતો કરવામા ંઆવી છે. બજેટમાં એકંદરે જોવામાં આવે તો મધ્યમ વર્ગને ઓછું મહત્વ અપાયું છે. અમીરો પર બોજ ઝીંકવામાં આવ્યો છે જ્યારે ગરીબોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને તેમના માટે વિવિધ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. કૃષિ અને આરોગ્ય તેમજ શિક્ષણને બજેટમાં ઉચ્ચ પ્રાથમિકતા આપીને દૂરગામી બજેટ રજૂ કરાયું છે. મધ્યમવર્ગ, મહિલાઓને જુદી જુદી ભેટ આપવામાં આવી છે. અમીરો ઉપર ટેક્સ લાગૂ કરવામાં આવ્યો છે જ્યારે પેટ્રોલ-ડિઝલ અને સોના-ચાંદી વધુ મોંઘા બની ગયા છે. બજેટમાં ઘર અને વાહન ખરીદી ઉપર રાહતની જાહેરાત ચોક્કસપણે કરવામાં આવી છે. આવી જ રીતે અમીરોની કમાણી ઉપર સેસ વધારવા અને બેંક ખાતાથી વાર્ષિક એક કરોડ રૂપિયાથી વધુની ઉપાડ પર બે ટકા પ્રથમ વખત સેસ લાગૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. મધ્યમ વર્ગને રાહત આપવાના હેતુસર ઈ-વાહનોની ખરીદી ઉપર ઓટો લોનમાં દોઢ લાખ રૂપિયા સુધી વ્યાજમાં છુટછાટ રહેશે. આવી જ રીતે ૪૫ લાખ રૂપિયા સુધીના આવાસની ખરીદી ઉપર વ્યાજ પર મળનાર કુલ છુટછાટ બે લાખથી વધુને ૩.૫ લાખ રૂપિયા થઈ જશે. જુદી જુદી ડ્યુટીઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે. નાણામંત્રીએ ૪૦૦ કરોડ રૂપિયા સુધીના કારોબાર કરનાર કંપની પર ૨૫ ટકાના દરથી કોર્પોરેટ ટેક્સ લાગૂ કરવાની વાત કરી છે જ્યારે ઉપરની કમાણી કરનાર કંપનીઓને ૩૦ ટકાના દરે કોર્પોરેટ ટેક્સ લાગૂ થશે. પેન કાર્ડની જગ્યાએ આધાર કાર્ડથી પણ કામ ચાલી શકશે અને આધાર મારફતે ઈન્કમટેક્સ રિટર્ન ભરી શકાશે. ગ્રામિણ રોજગાર ઉપર પણ વિશેષ ધ્યાન અપાયું છે. આવી જ રીતે પાંચ કરોડની વાર્ષિક આવક ધરાવતા લોકો પર સાત ટકાનો વધારાનો સરચાર્જ લાગુ કરવામાંઆવ્યો છે. આવી જ રીતે બેથી પાંચ કરોડની આવક ધરાવતા

## ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફારો નહી : પેટ્રોલ, ડિઝલ વધુ મોંઘા : સોના-ચાંદીના દાગીના, એસી સહિતની ચીજવસ્તુ મોંઘી થઇ : ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દર વર્ષે ૨૦ લાખ કરોડ રૂપિયાની જરૂર રહેશે : ૨૫ ટકા કોર્પોરેટ ટેક્સ

● અનુસંધાન પાન-૭ પર

## સરકારના ૧૦ મુખ્ય લક્ષ્ય

૧. ભૌતિક સંરચનાનો વિકાસ
૨. ડિજિટલ ઈન્ડિયાને અર્થવ્યવસ્થાના દરેક ક્ષેત્ર સુધી પહોંચાડવું.
૩. હરિત માતૃભૂમિ અને પ્રદૂષણ મુક્ત ભારત.
૪. સ્જીસ્ઈ, સ્ટાર્ટઅપ, ડિફેન્સ, ઓટો અને હેલ્થ સેકટર પર જોર.
૫. જળ પ્રબંધન અને સ્વચ્છ નદીઓ.
૬. બ્લૂ ઈકોનોમી
૭. ગગનયાન અને ચંદ્રયાન મિશન
૮. ખાદ્યાન્ન
૯. સ્વસ્થ સમાજ, આયુષ્માન ભારત અને સુપોષિત મહિલાઓ-બાળકો
૧૦. જનભાગીદારી, ન્યૂનતમ સરકાર અને અધિકત્તમ શાસન

## પહેલીવાર રજૂ કરવામાં આવશે ૨૦ રૂપિયાનો નવો સિક્કો : નાણામંત્રી

ન્યુ દિલ્હી,તા.૫

બજેટ રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે જાહેરાત કરતાં કહ્યુ હતુકે, જલ્દીથી સરકાર ૧, ૨, ૫, ૧૦ અને ૨૦ રૂપિયાનાં નવા સિક્કા રજૂ કરશે. જ્યારે ભારતીય માર્કેટમાં પહેલીવાર ૨૦ રૂપિયાનો નવો સિક્કો રજૂ કરવામાં આવશે. જેમને ટૂંક સમયમાં જ માર્કેટમાં રજૂ કરવામાં આવશે.

## ઈલેક્ટ્રિક ગાડી ખરીદી પર ટેક્સમાં ૧.૫ લાખની છુટ

**ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાનો હેતુ : ઇલેક્ટ્રિક ગાડીઓની ખરીદી માટે લેવામાં આવતી લોનમાં રાહતો અપાશે : ચાર્જરને લઇને પણ નવી વ્યવસ્થા કરાશે**

નવી દિલ્હી, તા. ૫

નાણામંત્રી નિર્મલા સીતારામને ૨૦૧૯ના સામાન્ય બજેટમાં ઈલેક્ટ્રીક ગાડીઓને પ્રોત્સાહન આપવા માટે મોટી જાહેરાત કરી છે. બજેટમાં ઈલેક્ટ્રિક ગાડીઓ ઉપર જીએસટી રેટ ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ઈલેક્ટ્રિક ખરીદવા માટે લેવામાં આવેલા લોન પર ચુકવવામાં આવતા વ્યાજ પર ૧.૫ લાખ રૂપિયાની વધારાની ઈન્કમટેક્સ છુટછાટ પણ આપવામાં આવશે. સરકાર આ પગલાથી ઈલેક્ટ્રિક ગાડીઓને લોકો માટે સસ્તી કરવા માંગે છે. બજેટ રજૂ કરતી વેળા નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું હતું કે, ઈલેક્ટ્રિક ગાડી અને તેમાં ઉપયોગ કરવામાં આવતી બેટરી માટે પણ રાહતો મળશે. આ ઈન્સેન્ટીવ ફેમ-૨ યોજના હેઠળ આપવામાં આવશે. ફેમ-૨ યોજનાનો હેતુ યોગ્ય પ્રોત્સાહન અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને ઝડપથી પ્રોત્સાહન આપવાનો રહેલો છે. બજેટથી પહેલા આર્થિક સર્વેમાં પણ ઈલેક્ટ્રિક વાહનોની વાત કરવામાં આવી હતી જેમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે મેન્યુફેક્ચર્સ અને યુઝરને આપવામાં આવતા ઈન્સેન્ટીવથી વધુ સારા ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર હોવાની વાત કરી હતી. પેટ્રોલ અને ડિઝલથી ચાલતી ગાડીની સરખામણીમાં બેટરીથી ચાલતી ગાડીઓની રેંજ ઓછી છે. ઈલેક્ટ્રિક કારને ફાસ્ટ ચાર્જથી ચાર્જ કરવા માટે દોઢ કલાકનો સમય લાગે છે જ્યારે લો ચાર્જર્સથી ચાર્જ કરવા માટે આઠ કલાકનો સમય લાગે છે. આ એક મહત્વપૂર્ણ પોલિસી મામલો છે. દેશમાં યુનિવર્સલ ચાર્જિંગ પોલિસી લાવવાની જરૂર છે.

## નાના દુકાનદારોને પેન્શન મળશે, ૫૯ મિનિટમાં મળશે લોન

**આ લાભ ત્રણ કરોડથી વધુ દુકાનદારોને મળી શકશે**

ન્યુ દિલ્હી,તા.૫

નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે સંપૂર્ણ બજેટ રજુ કર્યું હતું. બજેટમાં નાના દુકાનદારો માટે પેન્શનની તેમજ એક કલાક કરતા ઓછા સમયમાં લોન આપવાની જાહેરાત કરવામાં આવી હતી. નાણા મંત્રીની જાહેરાત પ્રમાણે હવે ૫૯ મિનિટમાં દુકાનદારોને લોન આપવામાં આવશે. આ યોજનાનો લાભ ત્રણ કરોડથી વધારે દુકાનદારોને મળી શકશે. પ્રધાનમંત્રી કર્મ યોગી માનધન પેન્શન યોજના અંતર્ગત આ લાભ આપવામાં આવશે.

આ યોજનાની ખાસ વાત એ છે કે આ માટે ફક્ત આધાર અને પાન કાર્ડની જ જરૂરી પડશે. પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજના અસંગઠિત ક્ષેત્રોના કર્મચારીઓની નિવૃત્તિની સુરક્ષા માટે છે. આ યોજનાનો લાભ રીક્ષા ચાલકોથી લઈને બાંધકામ ક્ષેત્રે કામ કરતા મજૂરો સુધીના લોકો લઈ શકે છે. આ યોજનાનો લાભ જે લોકોને મળશે તેમાં મીડ-ડે મીલ વર્કર, ફેરિયા, હાથલારી ચલાવતા લોકો, ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા લોકો, રીક્ષા ચાલકો, વગેરે લઈ શકે છે.

## ભારત ૧૧૪ ફાઈટર વિમાન ખરીદશે

ન્યુ દિલ્હી,તા.૫

આધુનિક ટેંકો, ફાઈટર વિમાનો, સબમરીનો અને હથિયારો વસાવીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સશસ્ત્ર સેનાની કાયાપલટ કરવાની તૈયારી કરી રહ્યા છે. ભારતીય વાયુ સેના માટે ૧૧૪ ફાઈટર વિમાન ખરીદવા માટે વિશ્ર્વભરના દેશોમાંથી બીડ મગાવવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ બીડ ફાઈટર વિમાનોની ખરીદીની દુનિયાની સૌથી મોટી બીડ હશે અને અનેક અગ્રણી વિમાન ઉત્પાદકોની એ પર નજર છે.

WALK-IN INTERVIEW
Area: Pethapur, Gandhinagar
For Stock Broking Business
EQ Branch Managers
EQ Dealers (Terminal Operator)
EQ Relationship Managers
ISO 9001 : 2015 Certified
shah investor's home ltd®
SERVICES THAT SECURE SMILES
WALK-IN INTERVIEW
Sat & Mon (6 & 8 Jul) from 11AM to 4PM at
1st Floor, Shubh Business Park,
Gandhinagar-Mahudi Road, Pethapur
Or Apply online at
www.sihl.in/careers or Email: career@sihl.in

## રેલવેને ગતિ આપવા પીપીપી મોડલનો વધુ ઉપયોગ થશે


**રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને ૫૦ લાખ કરોડની જરૂર : યાત્રીની સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે : દુર્ઘટના રોકવા માટે પણ બધા પગલા : સાફ-સફાઈને પણ મહત્વ**




નવી દિલ્હી, તા. ૫

દેશના પ્રથમ પૂર્ણ નાણામંત્રી નિર્મલા સીતારામને મોદી સરકાર-૨નું આજે પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. બજેટ રજૂ કરતી વેળા રેલવેને પાટા પર લાવવા માટે પણ વિવિધ જાહેરાતો કરવામાં આવી હતી. તેમણે જાહેરાત કરી હતી કે, રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ૨૦૧૮-૩૦ની વચ્ચે ૫૦ લાખ કરોડ રૂપિયા સુધીની જરૂર રહેશે. ઝડપથી વિકાસ અને યાત્રી સુવિધાઓને વધારવા માટે જાહેર અને ખાનગી ભાગીદારીનો ઉપયોગ કરવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રેલવેનો મૂડી ખર્ચ પ્રતિવર્ષ ૧.૫થી ૧.૬ લાખ કરોડ રૂપિયાનો છે જેથી તમામ સ્વીકૃત યોજનાઓને પૂર્ણ કરવામાં સમય લાગશે જેથી ટ્રેક અને રોલિંગ સ્ટોક અને રેલવે એન્જિન, કોચ અને વેગનના નિર્માણ કામગીરીમાં તેજી લાવવામાં આવશે. મેટ્રો રેલ માટે વધુને વધુ પીપીપીનો ઉપયોગ કરવામાં આવશે. દેશમાં ૬૫૭ કિલોમીટર મેટ્રો રેલ નેટવર્કનું સંચાલન કરવામાં આવ્યું છે. રેલવે દુર્ઘટનાને રોકવા માટે જુદા જુદા પગલા લેવામાં આવનાર છે. છેલ્લા વચગાળાના બજેટમાં ૧.૫૮ લાખ કરોડ રૂપિયા બજેટમાં ફાળવી દેવામાં આવ્યા હતા. જે પૈકી યાત્રીઓની સુરક્ષા માટે ૩૪૨૨.૫૭ કરોડ રૂપિયા ફાળવી દેવામાં આવ્યા હતા. વચગાળાના બજેટની વાત કરવામાં આવે તો જુની લાઈનને વ્યવસ્થિત કરવા માટે ૧૦૧૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. ૪૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી રેલવે અંડરબ્રીજ માટે આપવામાં આવ્યા હતા. પૂર્વ રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ૨૦૧૪-૧૫માં રોકાણ ટાર્ગેટની શરૂઆત કરી હતી. કેપેસિટીને વધારવા અને આધુનિકીકરણની યોજનાને પહોંચી વળવા માટે ૨૦૩૨ સુધી ભારતીય રેલવેને ૩૫.૩ ટ્રિલિયન રૂપિયાની જરૂર દેખાઈ રહી છે.

Rotary
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર (RI District 3054)
કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગર
આયોજિત
જાહેર પ્રવચન
કેન્દ્રીય અંદાજપત્ર-૨૦૧૯ની સમીક્ષા તથા અર્થતંત્ર ઉપર તેની અસર અંગેનું માર્ગદર્શન
છેલ્લા ૧૬ વર્ષથી રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા યોજાતા આ જાહેર પ્રવચનમાં સહુને ભાવભર્યું નિમંત્રણ છે.



વક્તા
શ્રી મુકેશ એમ. પટેલ
ખ્યાતનામ એડવોકેટ અને ટેક્ષ કન્સલટન્ટ
તારીખ:
૯ જુલાઈ, ૨૦૧૯ મંગળવાર
સમય:
સાંજે ૬.૦૦ થી ૮.૦૦
સ્થળ:
શેઠ શ્રી ખિમજી વિશ્રામ હોલ,
કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર
ખાસ નોંધ :
સાજે ૫.૪૫ સુધીમાં આપની બેઠક લઈ લેવા નમ્ર અનુરોધ છે
Program Supported By
KALPA-TARU
Power Transmission Limited




ધીરુભાઈ હીરાચંદ અંબાણી
(૨૮.૧૨.૧૯૩૨ - ૬.૭.૨૦૦૨)
ફાઉન્ડર ચેરમૅન - રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।

આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત.
અજન્મ અને અમર એવો એ સનાતન સદાય,
ના કોઇને હણે, ના કોઈથી હણાય.
- ભગવદ્ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેમાળ સ્મૃતિમાં
કોકિલાબેન ધીરુભાઈ અંબાણી તથા પરિવાર

Reliance
Industries Limited
Growth is Life
www.ril.com